D.El.Ed કેન્દ્રીયકૃત પ્રવેશ સમિતિ,ગાંધીનગર

પ્રવેશ વર્ષ ૨૦૨૬-૨૭

કોલેજ પસંદગી અને પ્રવેશ કન્ફર્મ કરવા બાબતની સૂચનાઓ (સંસ્થા માટે)

- પ્રવેશ ફાળવણી બાદ આપની સંસ્થાને ફાળવેલ ઉમેદવારના Allotment letter માં દર્શાવેલ વિગતોની સંપૂર્ણ ચકાસણી કરવાની રહેશે.
- Allotment Letter મુજબ સબંધિત ઉમેદવારનો પ્રવેશ આપની સંસ્થામાં થયેલ છે કે નહીં ? તેની ચકાસણી કરવાની રહેશે.
- સબંધિત ઉમેદવારના તમામ ડોક્યુમેન્ટ ચેક કરવાના રહેશે તથા ઉમેદવારના તમામ પ્રમાણપત્રોનો સ્વપ્રમાણિત કરેલો એક સેટ જમા લેવાનો રહેશે.
- જો ઉમેદવારોના પ્રવાહ / માધ્યમ / અનામત કેટેગરી કે દિવ્યાંગતા જેવી બાબતમાં વિસંગતતા જણાય તો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે નહીં આવો પ્રવેશ આપોઆપ રદ થયેલો ગણાશે.
- જો સબંધિત વિદ્યાર્થીના પ્રમાણપત્ર અને online ફોર્મમાં ભરેલ તમામ માહિતી યોગ્ય જણાય અને ઉમેદવારની સંમતિ હોય તો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે.
- ઉમેદવારનો પ્રવેશ કન્ફર્મ કરવા માટે કોલેજે પોતાના એડમીન મેનુમાં વિદ્યાર્થીના નામની સામે કન્ફર્મ નામનું બટન દબાવવાથી વિદ્યાર્થીના રજીસ્ટર નંબર પર ઓટીપી જશે જે સબંધિત ઉમેદવાર પાસેથી મેળવીને સંસ્થાએ તેના વડે તેઓનો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે. ત્યારબાદ એડમિશન કન્ફર્મેશન લેટર જનરેટ થશે.

- આ એડમિશન કન્ફર્મેશન લેટર પર સંસ્થાનાં સહી – સિક્કા તથા વિદ્યાર્થીની સહી લઈ તેની ત્રણ નકલ પૈકી એક ઉમેદવારને આપવી, બીજી નકલ સંસ્થા ખાતે રાખવી તથા ત્રીજી નકલની ફાઇલ બનાવી કોલેજવાર તે ફાઇલ પ્રવેશ સમિતિને જમા કરાવવાની રહેશે.
- એક વખત પ્રવેશ કન્ફર્મ થયેલ ઉમેદવારો પછીના કોઈ રાઉન્ડમાં કે પ્રવેશ પ્રક્રિયામાં ફરીથી ભાગ લઈ શકશે નહીં.
- જો વિદ્યાર્થી એડમિશન કન્ફર્મ કરાવવા માંગતો નથી તો સંસ્થામાં જશે નહીં અથવા OTP આપશે નહીં. આવા ઉમેદવારો તેઓને ફાળવવામાં આવેલ કોલેજમાં પ્રવેશ લેવા ઇચ્છતા નથી તેમ સમજી તે બેઠક ખાલી ગણી આગળની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.
- એવા ઉમેદવારો કે જેમણે કોલેજ પસંદ કરેલ નથી અથવા પ્રથમ તબક્કામાં પ્રવેશ કન્ફર્મ કરાવેલ નથી તેઓ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે પરંતુ બીજા રાઉન્ડ વખતે ઉપલબ્ધ ખાલી બેઠકો પર જ પ્રવેશ મળવા પાત્ર થશે.

તા.૨૪/૦૯/૨૦૨૬